www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૬ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮, બુધવાર; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કેરળ સરકાર એક વર્ષ સુધી સરકારી ઉત્સવ ઉજવાશે નહીં**

સદીની સૌથી મોટી તબાહીથી ઉભરી રહેલા કેરળમાં એક વર્ષ સુધી કોઈ સરકારી ઉત્સવ મનાવવામાં આવશે નહીં. રાજય સરકારે આ નિર્ણય કર્યો છે. રાજ્યમાં હજી કુદરતી આપત્તિથી ઝઝૂમી રહી છે. આને જોતા સરકારે આ નિર્ણય કર્યો છે.

**કેરળના ભિખારીએ પૂર રાહતમાં ૯૪ રૂપિયા દાનમાં આપ્યા**

સદીનો સૌથી ભયાનક ત્રાસ વેઠી રહેલા કેરળને દેશભરમાંથી મોટી માત્રામાં મદદ મળી રહી છે. જોકે, આ બધામાં સૌથી ખાસ ભીખ માંગનાર એક વ્યક્તિની કહાની છે, જેણે ભીખ માંગીને ભેગા કરેલા ૯૪ રૂપિયા પૂર રાહત માટે દાન કરી દીધા છે.

**ટીસીએસની વેલ્યુ આઠ લાખ કરોડને પાર**

આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસેઝ આઠ લાખ કરોડ માર્કેટ કેપવાળી બીજી ભારતીય કંપની બની ગઈ છે. શેરમાં તેજીથી માર્કેટમાં TCSનું વેલ્યુએશન વધીને પહેલી વખત ૮ લાખ કરોડ ઉપર પહોંચી ગયું છે.

**૨૦૧૭માં દેશમાં દોઢ કરોડ વિદેશી ભારતની મુલાકાતે આવ્યા**

વર્ષ ૨૦૧૭માં દોઢ કરોડ વિદેશી પ્રવાસીઓ ભારત આવ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રના પ્રવાસ સંગઠનના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૭માં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થયો હતો.

# પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને

**પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરીવાર વૃદ્ધિ : ૧૯મી ઓગસ્ટ બાદથી પેટ્રોલમાં બે રૂપિયાથી વધુનો વધારો : ડીઝલની કિંમતમાં ઓગસ્ટ બાદથી ૨.૪૨ રૂપિયાનો વધારો કરાયો : ક્રૂડની કિંમતમાં એક પખવાડિયામાં સાત ડોલરનો વધારો**




નવી દિલ્હી,તા. ૪

પેટ્રોલ અને ડીઝલની કિંમત હાલમાં આસમાને પહોંચી રહી છે. ઈંધણની કિંમતમાં અવિરત વધારો થવાના કારણે ડોલરની તુલનામાં રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં લીટરદીઠ પેટ્રોલના ભાવ પ્રતિ લીટર ૮૦ રૂપિયા સુધી છે. જયારે ડિઝલની કિંમત પણ નવી ઉંચી સપાટી પર છે. મુંબઈ અને ચેન્નાઈ જેવા શહેરોમાં પેટ્રોલની કિંમત ૮૦ રૂપિયા પ્રતિ લીટરથી પણ ઉપર પહોંચી ગયા છે. દિલ્હીમાં ડીઝલની કિંમત ૭૧ રૂપિયા પ્રતિ લીટરથી વધારે છે. મુંબઈ અને ચેન્નાઈમાં આની કિંમત ૭૫ રૂપિયા પ્રતિ લીટર સુધી પહોંચી ગઈ છે. ડીઝલની કિંમતમાં સતત થઈ રહેલો વધારો મુશ્કેલીમાં મુકે છે. ક્રુડ ઓઈલની કિંમત પણ વધી રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થતા હાલત કફોડી બની રહી છે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે કિંમતોમાં વધારો મોદી સરકારની ગણતરી ઉંધી વાળી શકે છે. કારણ કે લોકો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધતા ભાવના કારણે પરેશાન છે. આંતરરાષ્ટ્રીય પરિબળો આના માટે મુખ્યરીતે જવાબદાર છે પરંતુ ભાવમાં વધારાને કાબુમાં લેવા માટે સરકારને પગલા લેવાની જરૂર દેખા રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં અવિરત વધારો કરવામાં આવી રહ્યો છે. સતત ૧૦માં દિવસે કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.

**લોકસભા-વિધાનસભાની સાથે ચૂંટણી માટે**

## રૂ. ૪૫૫૫ કરોડના ઈવીએમ જોઈએ : વિધિ આયોગ

**૨૦૧૯ની સામાન્ય ચૂંટણી માટે અંદાજે ૧૦,૬૦,૦૦૦ મતદાન મથકો સ્થાપવામાં આવશે**




ન્યુ દિલ્હી,તા.૪

ભારતના કાનૂન પંચે કહ્યું છે કે વિધાનસભા અને લોકસભાની એક સાથે ચૂંટણી યોજાતી હોય તે માટે નવા વિજાણુ મતદાન યંત્રો (ઈવીએમ) તેમ જ પેપર ટ્રેઈલ મશીન ખરીદવા માટે ૪,૫૦૦ કરોડ રૂપીયા કરતાં વધારે નાણાની આવશ્યકતા છે.

વિધાનસભા અને લોકસભાની ચૂંટણી સાથે યોજાય તે અંગે ગયા સપ્તાહે જારી કરેલા મુસદ્દામાં કાનૂન પેનલે ચૂંટણી પંચને ટાંકતા કહ્યું હતું કે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી માટે અંદાજે ૧૦,૬૦,૦૦૦ મતદાન મથકો સ્થાપવામાં આવશે.

ચૂંટણી પંચે આપેલી માહિતી અનુસાર જો વિધાનસભા અને લોકસભાની ચૂંટણી એકસાથે યોજાશે તો અત્યાર સુધી અંદાજે

● અનુસંધાન પાન-૭ પર

# આરબીઆઈ દ્વારા પ્રથમવાર સોનાની ખરીદી

**દશકમાં પ્રથમ વાર સોનાની ખરીદી કરતા નવી ચર્ચા : ગોલ્ડની ખુબ માંગ હોવાનો આરબીઆઈનો સંકેત : સ્ટોક હોલ્ડિંગમાં ૮.૪૬ ટનનો વધારો થયો છે : અહેવાલ**



નવીદિલ્હી, તા. ૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પ્રથમ વખત ગોલ્ડ ખરીદવાનો નિર્ણય કર્યા બાદ ગોલ્ડની ખરીદી કરી છે. છેલ્લા એક દશકમાં પ્રથમ વખત ગોલ્ડની ખરીદી કરવામાં આવી છે. તેના આ પગલાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. વેલ્યુ સ્ટોર તરીકે ગોલ્ડની ડિમાન્ડ ખુબ વધારે હોવાના સંકેત દેખાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરુપે વ્યાજદરમાં વધારો થવાની સ્થિતિમાં ફિસ્કડ ઈન્કમબોન્ડથી મળનાર રિટર્ન અને તેના કેપિટલ વેલ્યુમાં ઘટાડો થઈ રહ્યો છે. આરબીઆઈએ ૩૦મી જૂનના દિવસે પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

# એનટીપીસી પ્લાન્ટમાં કોલસાનો જથ્થો ખતમ થવાના આરે છે

**દિલ્હીથી બંગાળ સુધી વિજળી ડુલ થઇ શકે : પ્લાન્ટને કોલસાની સપ્લાય કરનાર માઇનમાં સ્ટોક હવે ખતમ : પાવર સપ્લાયને પ્રતિકુળ અસર થવાના એંધાણ**

કોલકત્તા,તા. ૪

એનટીપીસીની ૪૨૦૦



મેગાવોટની ક્ષમતાવાળા પૂર્વીય ભારતમાં સ્થિત પ્લાન્ટને કોલસાની સપ્લાય કરનાર માઈનમાં સ્ટોક ખતમ થવાના આરે છે. આના કારણે દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં થનારપાવર સપ્લાય ખુબ વહેલી તકે પ્રભાવિત થવાની શકયતા છે. ભૂમિ અધિગ્રહણ સાથે જોડાયેલા વિવાદોના કારણે આ માઈનના વિસ્તરણમાં વિલંબની સ્થિતી સર્જાઈ ગઈ છે. જેના કારણે આ વિસ્તારમાં સ્થિત બે મહત્વપૂર્ણ પ્લાન્ટના પ્રોડક્શનમાં ભારે ઘટાડો થયો છે. સાથે સાથે તેમના સ્ટોક્સ પણ ખાલી થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર આ મુદ્દાને ઉકેલવા માટે સ્થાનિક વહીવટીતંત્રના સીધા સંપર્કમાં છે. એનટીપીસીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઝારખંડના રાજમહેલ માઈન્સથી કોલ ઈન્ડિયા સરેરાશ ૫૫૦૦૦ ટન કોલસાની સપ્લાય કરે છે. હવે આ જથ્થો ઘટીને ૪૦૦૦૦ ટન સુધી પહોંચી ગયો છે. વરસાદના દિવસોમાં આ જથ્થો ઘટીને ૨૦૦૦૦ ટન સુધી નીચે પહોંચી જાય છે. આના પરિણામસ્વરૂપે પાવર પ્લાન્ટ્સની પાસે જમા સ્ટોક્સમાં ઘટાડો થઈ જાય છે. એનટીપીસીના ફરક્કા પાવર પ્લાન્ટમાં સ્ટોક્સ ઘટીને ૪૦૦૦ ટન સુધી પહોંચી ગયો છે.

## રાજસ્થાનમાં એરફોર્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત : પાયલોટનો બચાવ

જોધપુર, તા. ૪

રાજસ્થાનના જોધપુરમાં બહારી વિસ્તારમાં એરફોર્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ જતાં આજે ખળભળાટ મચી ગયો હતો. જો કે, આના લીધે પાયલોટનો સહેજમાં બચાવ થઇ ગયો હતો. મિગ-૨૭ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રચંડ ધડાકા સાથે વિમાન જમીન ઉપર પટકાયું હતું અને બળીને ખાખ થઈ ગયું હતું. આ બનાવમાં પાયલોટ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. હાલના દિવસોમાં મિગ વિમાનોની દુર્ઘટનાઓની ઘટના સતત સપાટી ઉપર આવી રહી છે. થોડાક દિવસ પહેલા જ હિમાચલ પ્રદેશના કાંગરા જિલ્લામાં મિગ-૨૧ ફાઈટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ બનાવમાં પાયલોટનું મોત થયું હતું. બચાવ-રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત હાથ ધરાઈ હતી.

# કર્ણાટક સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કોંગ્રેસ મોખરે, ભાજપને પછડાટ

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ-જેડી (એસ)ને ૧૩૩૯, ભાજપને ૯૧૦ બેઠક**

(જી.એન.એસ)બેંગ્લુરુ,તા.૪

કર્ણાટકમાં અર્બન લૉકલ બૉડી (યુએલબી)ની ચૂંટણીમાં કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે સોમવારે ગળાકાપ સ્પર્ધા જોવા મળી હતી. જોકે, ચૂંટણી બાદ શાસક જનતા દળ (એસ) સાથેના જોડાણને પગલે કૉંગ્રેસ યુએલબીમાં બહુમતી મેળવવામાં સફળ રહી હતી.

રાજય ચૂંટણીપંચના જણાવ્યાનુસાર શનિવારે યોજાયેલી યુએલબીની ચૂંટણીમાં કૉંગ્રેસ ૯૬૬, ભાજપ ૯૧૦ અને જનતા દળ (એસ) ૩૭૩ બેઠક પર વિજય મેળવવામાં સફળ રહ્યા હતા તો બાકીની બેઠકો પર અન્ય પક્ષોને વિજય મળ્યો હતો.

કુલ ૨૭૦૯ બેઠકમાંથી અત્યાર સુધીમાં ૨૬૨૮ બેઠકનાં પરિણામ જાહેર કરી દેવામાં આવ્યાં છે. રાજ્ય સરકારમાં ભાગીદાર હોવા છતાં કૉંગ્રેસ અને જનતા દળ (એસ) બંને અલગથી ચૂંટણી લડ્યા હતા. જોકે ચૂંટણી બાદ તેઓ યુએલબીમાં જોડાણ કરશે એવી તેમણે અગાઉ જ જાહેરાત કરી દીધી હતી.

કૉંગ્રેસ અને જનતા દળ (એસ) બંનેએ સંયુક્ત રીતે કુલ ૧૩૩૯ બેઠક મેળવી છે અને આ બાબતે તેમને ભાજપ પર સીધી રીતે સરસાઈ અપાવવાની સાથે સાથે યુએલબીમાં બહુમતી પણ અપાવી છે.

પરિણામોની જાહેરાત બાદ તુમકુરમાં કૉંગ્રેસની વિજય રેલી પર એસિડ ફેંકાયો હતો. જોકે આ તેજાબ બાથરૂમ સાફ કરવા માટેની ઓછી તીવ્રતાવાળો હોવાનો પોલીસે દાવો કર્યો હતો. આ હુમલામાં દસ જણને નજીવી ઈજા થઈ હતી. આ ચૂંટણી ત્રિશંકુ ચુકાદો અપાવનાર મે મહિનામાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી અગાઉ હાથ મિલાવનાર કૉંગ્રેસ અને જનતા દળ (એસ)ના જોડાણની કસોટી હોવા ઉપરાંત લોકસભાની ચૂંટણી



● અનુસંધાન પાન-૭ પર

# ઓનલાઈન સર્વેમાં મોદી પ્રથમ

**૪૮ ટકા લોકો મોદીને લીડર તરીકે પસંદ કર્યા : રાહુલ, કેજરીવાલ, અખિલેશ, માયાવતી તેમજ મમતા બેનર્જી કોઇ જગ્યાએ મોદીની નજીક નથી : સર્વેમાં દાવો**

નવી દિલ્હી,તા. ૪

દેશના ૭૧૨ જિલ્લાને આવરી લઈને કરવામાં આવેલા ઓનલાઈન સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે ૪૮ ટકા લોકો દેશને આગળ લઈ જવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ લીડર તરીકે પસંદ કરે છે. એક નેતા તરીકે મોદી પર તમામ લોકો વિશ્વાસ ઉતારી રહ્યા છે. સર્વેમાં ૫૭ લાખ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ સર્વેની કામગીરી રાજકીય રણનિતીકાર પ્રશાંત કિશોર સાથે જોડાયેલા ગ્રુપ ઈન્ડિયન પોલિટિકલ એક્સન કમિટી દ્વારા કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. નેશનલ એજન્ડા ફોર્મ હેઠળ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રશ્નનો જવાબ આપનારને ૯૨૩ નેતા પૈકી એક વિકલ્પ પસંદ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. સર્વેમાં મોદી પ્રથમ સ્થાને રહ્યા છે. જ્યારે રાહુલ ગાંધી બીજા સ્થાને રહ્યા છે. રાહુલ ગાંધીને માત્ર ૧૧ ટકા મત મળ્યા છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલને ૯.૩ ટકા મત મળ્યા છે. અખિલેશને સાત ટકા મત મળ્યા છે. સર્વેમાં તમામ બાબતોને આવરી લેવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સર્વેના તારણ ભાજપ માટે ચોક્કસપણે રાહત લઈને આવ્યા છે. કારણ કે મોદીના કેટલાક કઠોર નિર્ણયના કારણે લોકોને ભારે પરેશાની થઈ છે. જેમાં પહેલા નોટબંધી, ત્યારબાદ જીએસટીનો સમાવેશ થાય છે. મોદીની લોકપ્રિયતા મતદારોમાં અકબંધ રહી છે. એક લીડર તરીકે લોકો તેમને પસંદ કરી રહ્યા છે. ઓનલાઈન સર્વેમાં કેટલીક શરત રાખવામાં આવી હતી. જેને પાળીને તમામ પ્રશ્નોના જવાબ એકત્રિત કરવામાં આવ્યા હતા. વસ્તીના એ હિસ્સા સુધી પહોંચવાનો હેતુ હતો જે ઈન્ટરનેટ પર વધારે સક્રિય છે. મોદીના પગલાથી મોટા ભાગે સંતુષ્ટ પણ છે.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.
રજી. નં. ભ-૨૦૨૫, તારીખ : ૨૮/૧૦/૧૯૭૫
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૩મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૩/૯/૨૦૧૮નો રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે, ડો. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

તા. ૫/૯/૨૦૧૮

દિલીપસિંહ ચૌહાણ
પ્રમુખ